1. ટૂંક નોંધ લખો : પુરવઠા વિધેય

➢ પુરવઠા વિધેય એટલે કોઈ એક વસ્તુના પુરવઠા પર અસર કરતાં વિવિધ પરિબળોની ગાણિતિક સ્વરૂપમાં રજૂઆત. વસ્તુનો પુરવઠો અનેક પરિબળોનું વિધેય છે. તેથી પુરવઠા વિધેય વસ્તુનો પુરવઠો તેને અસર કરતાં પરિબળો પર કેવી રીતે આધારિત છે તે દર્શાવે છે. પુરવઠાનું વિધેય નીચે મુજબ છે :

Sx

= (

Px, T, Ps, Pe, U

)

જ્યાં,

Sx

, = X વસ્તુનો પુરવઠો f = વિધેયાત્મક સંજ્ઞા

Px

= X વસ્તુની કિંમત T = ટેકનોલૉજીની કક્ષા

Ps

= અવેજી વસ્તુની કિંમત

Pe

= ભવિષ્યની કિંમતો અંગેની અટકળો U = અન્ય પરિબળો જો કિંમત સિવાયનાં અન્ય પરિબળો સ્થિર રહે, તો પુરવઠો માત્ર વસ્તુની કિંમત પર આધાર રાખે છે. તેથી પુરવઠો કિંમતનું વિધેય છે, એમ દર્શાવી શકાય.

અર્થાત્

Sx

=f(

Px

)

2. પુરવઠાના નિયમના અપવાદો જણાવો.

➢ પુરવઠાના નિયમ મુજબ વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે ધન સંબંધ છે. પરંતુ કેટલીક વાર એ બંનેની વચ્ચે વ્યસ્ત સંબંધ જોવા મળે છે. આવું બને ત્યારે તેને પુરવઠાના નિયમના અપવાદ તરીકે ઓળખવામાં આવે છે. આવા કેટલાક અપવાદો નીચે મુજબ છે :

1. અલભ્ય વસ્તુઓ અલભ્ય વસ્તુઓની કિંમતમાં ગમે તેટલો વધારો કરવામાં આવે તો પણ તેમનો પુરવઠો વધારી શકાતો નથી. જેમ કે, પ્રાચીન કાળના સિક્કાઓ, હસ્તપ્રતો, મૂર્તિઓ, કલાકૃતિઓ વગેરે વસ્તુઓની કિંમત વધવા છતાં તેમનો પુરવઠો વધારી શકાતો નથી. આવી વસ્તુઓનો સ્ટોક હોય, પુરવઠો ન હોય.

2. નાશવંત વસ્તુઓઃ નાશવંત વસ્તુઓનો લાંબા સમય સુધી સંગ્રહ કરી શકાતો ન હોવાથી તેના ભાવ ઘટી જાય તો પણ તેનો પુરવઠો ઘટતો નથી. જેમ કે; લીલાં શાકભાજી, દૂધ અને દૂધની બનાવટો.પાકાં ફળ, માછલી, ઈંડ વગેરે નાશવંત વસ્તુઓ છે, જેમનો સંગ્રહ અશક્ય છે, જો કે આધુનિક ટેકનોલૉજીના ઉપયોગથી આવી વસ્તુઓનો શીતાગારે ગુડો(Cold Storage)માં સંગ્રહ કરી લાંબા સમય સુધી સાચવી શકાય છે,


3. અનાજનો પુરવઠો : સામાન્ય રીતે જો અનાજના ભાવ વધે, તો તેનો પુરવઠો વધવો જોઈએ. પરંતુ કેટલાક ખેડૂતો નિશ્ચિત આવક મેળવવા માટે ભાવ વધતાં અનાજનો પુરવઠો ઓછો કરે છે અને જો અનાજના ભાવ ઘટતાં નિશ્ચિત આવક મેળવવા અનાજનો પુરવઠો વધારે છે. જો કે આવી પરિસ્થિતિ જજ જોવા મળે છે, આમ, પુરવઠાના નિયમના કહેવાતા અપવાદો વાસ્તવમાં અપવાદો તરીકે સ્વીકારી શકાય તેમ નથી.

### 3. કિમત અને પુરવઠા વચ્ચે ધન સંબંધ હોવાનાં કારણો સમજાવો.

- કિમત અને પુરવઠા વચ્ચે ધન સંબંધ હોવાનાં કારણો નીચે મુજબ છે : ઉત્પાદકનો આશય મહત્તમ નફો મેળવવાનો હોય છે. તેથી સામાન્ય રીતે, વસ્તુની કિંમત વધે તો નફાનું પ્રમાણ વધે છે અને વસ્તુની કિમત ઘટે તો નફાનું પ્રમાણ ઘટે છે. તેથી ઉત્પાદક વસ્તુની કિંમત વધે ત્યારે તેનો પુરવઠો વધારવાનું અને કિંમત ઘટે ત્યારે પુરવઠો ઘટાડવાનું વલણ દાખવે છે. આમ, વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠાના ફેરફાર એક જ દિશાના રહે છે. અર્થાત્ તેમની વચ્ચે ધન સંબંધ છે. વસ્તુની કિંમત વધતાં નફાની શક્યતા વધે છે. તેથી જે ઉત્પાદકોને અગાઉ નીચી કિંમતે બજારમાં પુરવઠો વેચવાનું પોસાતું નથી, તેઓ બજારમાં પ્રવેશે છે. પરિણામે બજારપુરવઠો વધે છે. આમ, વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા વચ્ચે સીધો (ધન) સંબંધ છે.
- ઘણી વાર વસ્તુનો પુરવઠો વધારવામાં ઉત્પાદનખર્ચમાં વધારો થાય છે. આવા કિસ્સાઓમાં વસ્તુની કિંમત વધે, તો જ તેનો પુરવઠો વધી શકે છે. જેમ કે, દૂધનો પુરવઠો વધારવામાં દૂરના પ્રદેશોમાંથી દૂધ મંગાવવા વધારાનો ખર્ચ કરવો પડે. તેથી દૂધના ભાવ વધારવામાં આવે, તો જ દૂધનો પુરવઠો વધારવાનું પરવડે છે. આમ, વસ્તુની કિંમત અને વસ્તુના પુરવઠા વચ્ચે ધન સંબંધ છે, તેમ કહી શકાય.



### 4. પુરવઠામાં વિસ્તરણ -સંકોચન આ કૃતિ સહિત સમજાવો.

- પુરવઠાને અસર કરતાં અન્ય પરિબળો સ્થિર રહેતાં કિંમત પ્રેરિત ફેરફારને લીધે પુરવઠામાં થતું પરિવર્તન પુરવઠામાં વિસ્તરણ - સંકોચન કહેવાય છે.
- પુરવઠામાં વિસ્તરણ -સંકોચન દર્શાવતી આકૃતિ નીચે મુજબ છે :



- આકૃતિમાં દર્શાવ્યા મુજબ વસ્તુની કિંમત એકમદીઠ રૂ. 20 હોય ત્યારે ઉત્પાદક વસ્તુના 300 એકમોનો પુરવઠો વેચવા તૈયાર છે. અર્થાત ઉત્પાદકની સમતલા પુરવઠારેખા SS'ના b બિંદુએ છે.
- વસ્તુની કિંમત વધીને એકમદીઠ રૂ. 30 થાય છે, ત્યારે ઉત્પાદક પુરવઠારેખા SS' પર બિંદુ ને બદલે બિંદુ પર સમતુલા મેળવી પુરવઠો 300 એ કમોથી વધારી 500 એકમો કરે છે. કે બિંદુ પરથી તે બિંદુ તરફની ગતિ પુરવઠાનું વિસ્તરણ દર્શાવે છે.
- વસ્તુની કિંમત ઘટીને એકમદીઠ રૂ. 10 થાય છે, ત્યારે ઉત્પાદક પુરવઠારેખા SS' પર બિંદુ હ્રને બદલે બિંદુ a પર સમતુલા મેળવી પુરવઠો 300 એકમોથી ઘટાડી 100 એકમો કરે છે. b બિંદુ પરથી 8 બિન્દુ તરફની ગતિ પુરવઠાનું સંકોચન દર્શાવે છે.
- પુરવઠાના વિસ્તરષ્ણ-સંકોચનમાં પુરવઠારેખા જીજી' બદલાતી નથી, પરંતુ પુરવઠારેખા પરનાં બિદ્રો ઉપર કે નીચે તરહ બદલાય

5. પુરવઠામાં વિસ્તરણ -સંકોચન અને પુરવઠામાં વધારો-ઘટાડો વચ્ચેનો તફાવત સમજાવો.


| પુરવઠામાં વિસ્તરણ-સંકોચન | પુરવઠા માં વધારો-ઘટાડો |
|---|---|
| 1. પુરવઠામાં વિસ્તરણ-સંકોચન માત્ર કિંમતના ફેરફારને કારણે થાય છે. | 1. પુરવઠામાં વધારો-ઘટાડો કિંમત સિવાયનાં પરિબળોમાં થતા ફેરફારને કારણે થાય છે. |
| 2 પુરવઠાનાં વિસ્તરણ- સંકોચનમાં કિંમત સિવાયનાં અન્ય પરિબળો સ્થિર રહે છે. | 2. પુરવઠાનાં વધારા-ઘટાડામાં કિંમત સ્થિર રહે છે અને અન્ય પરિબળોમાં ફેરફાર થાય છે. |
| પુરવઠામાં વિસ્તરણ-સંકોચન દર્શાવતી આકૃતિ:   | 3. પુરવઠામાં વધારો-ઘટાડો દર્શાવતી આકૃતિ:   |
| 4. પુરવઠાનાં વિસ્તરણ- સંકોચનમાં પુરવઠારેખા બદલાતી નથી, પરંતુ પુરવઠારેખા પરના બિંદુઓ બદલાય છે. | 4, પુરવઠાના વધારા-ઘટાડામાં સમગ્ર પુરવઠારેખાના સ્થાનમા જ ફેરફાર થઈ જાય છે. |

6. પુરવઠામાં વધારો-ઘટાડો આકૃતિ દ્વારા સમજાવો.

➢ કિંમત સિવાયનાં અન્ય પરિબળો બાજી કોઈ પણ એક અથવા એક કરતાં વધુ પરિબળોમાં ફેરફાર થતી પુરવઠામાં જે પરિવર્તન આવે છે, તેને પુરવઠોમાં વધારો ઘટાડો કહે છે. ધારો કે, કોઈ વેપારી કોઈ એક માસ દરમિયાન વસ્તુ ઝનું જુદી જુદી રીતે વેચાણ કરે છે, જેની કાલ્પનિક અસ્થિ નીચે મુજબ છે.

| | | | | |
|---|---|---|---|---|
| વસ્તુ ની કિંમત(રૂ. માં) | 10 | 20 | 30 | 40 |
| વસ્તુ નો પુરવઠો (એકમ) | 200 | 300 | 400 | 500 |

➢ અનુસૂચિ મુજબ પુરવઠામાં વધારો-ઘટાડો દર્શાવતી આકૃતિ નીચે મુજબ છેઃ




➢ આકૃતિમાં દશવ્યિા મુજબ ઉત્પાદક કે વેપારી વસ્તુની એકમદીઠ કિંમત રૂ. 20 હોય ત્યારે વસ્તુના 300 એકમનો પુરવઠો વેચવા તૈયાર છે. અર્થાત્ ઉત્પાદકની મૂળ સમતુલા પુરવઠારેખા SS'ના 'b' બિંદુએ છે.

➢ વસ્તુની એકમદીઠ કિંમત રૂ. 20 જ રહે છે. પરંતુ પેઢીઓની સંખ્યા વધતાં વસ્તુનો પુરવઠો 400 એકમોનો થાય છે અને ઉત્પાદકની પુરવઠારેખા S_25_2 ના c બિંદુએ પહોંચે છે. પુરવઠારેખા પર b થી તે બિંદુ તરફની ગતિ પુરવઠામાં વધારો દર્શાવે છે. આમ, મૂળ પુરવઠારેખા SS' પોતાના સ્થાનથી જમણી તરફ સ્થાન બદલી પુરવઠારેખા S_25_2 બને છે.

➢ વસ્તુની એ કમદીઠ કિંમત રૂ. 20 જ રહે છે. પરંતુ પેઢીઓની સંખ્યા ઘટતાં વસ્તુનો પુરવઠો 200 એકમોનો થાય છે. ઉત્પાદકની પુરવઠારેખા S_1S’_1 ના a બિંદુએ પહોંચે છે. પુરવઠારેખા પર b થી 2 બિંદુ તરફની ગતિ પુરવઠામાં ઘટાડો દર્શાવે છે. આમ,મૂળ પૂરવઠારેખા જીજી’ પોતાના સ્થાનથી ડાબી તરફ સ્થાન બદલી પુરવઠારેખા S_16_1 બને છે.


7. પુરવઠાનો નિયમની પુરવઠાની અનુસૂચિ અને આકૃતિ સહિત સમજૂતી આપો.

- પુરવઠાનો નિયમ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ રજૂ કરે છે. પ્રો. માર્શલના મત મુજબ, 'જો અન્ય પરિબળો યથાવત્ રહે, તો વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે' અર્થાત્ વસ્તુની કિંમત વધતાં તેનો પુરવઠો વિસ્તાર પામે છે અને વસ્તુની કિંમત ઘટતાં તેનો પુરવઠો સંકોચાય છે.
- પુરવઠાનો નિયમ પુરવઠાની અનુસૂચિ અને પુરવઠારેખા દ્વારા સમજી શકાય :

પુરવઠાની અનુસૂચિ:

| કાપડનો ભાવ (રૂ.માં) | અઠવાડિયા દરમિયાન કાપડનો પુરવઠો (હજાર મીટર) |
|---|---|
| 15 | 10 |
| 20 | 20 |
| 25 | 30 |
| 30 | 40 |
| 35 | 50 |

- આ અનુસૂચિનું અવલોકન કરતાં જણાય છે કે, કાપડનો ભાવ મીટરદીઠ રૂ. 15 હોય છે ત્યારે બજારમાં તેનો પુરવઠો 10 હજાર મીટર છે. જ્યારે ભાવ 20 થાય છે ત્યારે તેનો પુરવઠો 20 હજાર મીટર થાય છે. તેવી જ રીતે કાપડનો મીટરદીઠ ભાવ બદલાઈને રૂ. 35 થાય છે ત્યારે બજારમાં તેનો પુરવઠો 50 હજાર મીટર જેટલો થાય છે. આમ, કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ જોવા મળે છે.
- X-ધરી પર કાપડનો પુરવઠો અને રૂ-ધરી પર કાપડનો ભાવ દર્શાવી અનુસૂચિની રજૂઆત આલેખ કે આકૃતિમાં કરી શકાય





- ➢ બિંદુઓ A, B, C, D, E જુદી જુદી કિંમતે કાપડના વેપારીઓની કાપડ વેચવાની તૈયારી દર્શાવે છે. આ બિંદુઓને જોડતી રેખા ss' એ પુરવઠારેખા છે. આ રેખા ડાબી બાજુ નીચેથી જમણી બાજુ ઉપર તરફ જાય છે. અર્થાત્ પુરવઠારેખાનો ઢાળ ધન (Positive) છે, જે વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ દર્શાવે છે. અહીં, જેમ જેમ કિંમતમાં વધારો થાય છે તેમ તેમ પુરવઠાનું વિસ્તરણ થાય છે.
- ➢ આમ, પુરવઠાની અનુસૂચિ ‘આંકડાકીય’ રીતે પુરવઠાના નિયમને સમજાવે છે, જ્યારે પુરવઠારેખા ‘ભૌમિતિક’ રીતે તેને સમજાવે છે.

8. બજારમાં કિંમતનિર્ધારણની પ્રક્રિયા આકૃતિ સહિત સમજાવો.

- ➢ કિંમતનિધરણ એટલે વસ્તુની કિંમત નક્કી કરવી તે. સરળતા ખાતર પૂર્ણ હરીફાઈના બજારને ધ્યાનમાં રાખી આવી કિંમત નક્કી કરવામાં આવે છે.
- ➢ કિંમતનિર્ધારણની પ્રક્રિયામાં માંગ અને પુરવઠો એ બે મહત્ત્વનાં પરિબળો છે. બજારમાં માત્ર માંગ (ગ્રાહકો) કે માત્ર પુરવઠો (ઉત્પાદકો કે વેપારીઓ) વસ્તુની કિંમત નક્કી કરતાં નથી. માંગ વધારે હોય તોપણ કિંમત નીચી હોઈ શકે છે અને પુરવઠો વધારે હોય તોપણ કિંમત ઊંચી હોઈ શકે છે.
- ➢ પ્રો. માર્શલ માંગ અને પુરવઠાનાં પરિબળોને એક કાતરનાં બે પાંખિયાં સાથે સરખાવે છે. જેમ કાતરનાં બે પાંખિયાં પૈકી કયા વડે કાગળ કપાય છે તે કહી શકાતું નથી. તે રીતે માંગ અને પુરવઠા પૈકી કયા પરિબળ વડે કિંમત નક્કી થાય છે, તે કહી શકાતું નથી. જેમ કાતરનાં બે પાંખિયાં સંયુક્ત રીતે કાગળ કાપે છે, તેમ માંગ અને પુરવઠો બંને સંયુક્ત રીતે વસ્તુની કિંમત નક્કી કરે છે.
- ➢ માંગ અને પુરવઠા દ્વારા વસ્તુની કિંમત કેવી રીતે નક્કી થાય છે, તેની સમજૂતી બજારમાંગ અને બજારપુરવઠાની નીચેની કાલ્પનિક અનુસૂચિ પરથી મેળવીએ :
- ➢ બજારમાંગ અને બજારપુરવઠાની અનુસૂચિ :

| વસ્તુની કિંમત (રૂ.માં) | વસ્તુની માંગ (એકમમાં) | વસ્તુનો પુરવઠો (એકમમાં) |
|---|---|---|
| 5 | 10 | 50 |
| 4 | 20 | 40 |
| 3 | 30 | 30 |
| 2 | 40 | 20 |
| 1 | 50 | 10 |

- ઉપરની અનુસૂચિ પરથી સ્પષ્ટ છે કે, જ્યારે વસ્તુની કિંમત નીચે (રૂ. 1) છે ત્યારે વસ્તુની માંગ વધારે (50 એકમ) છે પરંતુ વસ્તુનો પુરવઠો ઓછો (10 એકમ) છે. તેવી જ રીતે વસ્તુની કિંમત ઊંચી (રૂ. 5) છે ત્યારે વસ્તુની માંગ ઓછી (10 એકમ) છે, પરંતુ વસ્તુનો પુરવઠો વધુ (50 એકમ) છે. આમ, વસ્તુની નીચી કિંમતે પુરવઠા કરતાં માંગ વધારે છે, જ્યારે વસ્તુની ઊંચી કિંમતે માંગ કરતાં પુરવઠો વધારે છે.
- જે કિંમતે વસ્તુની માંગ કરતાં વસ્તુનો પુરવઠો વધારે હોય એ કિંમત બજારમાં ટકી શકે નહીં. ઉપરની અનુસૂચિમાં જ્યારે વસ્તુની કિંમત રૂ. 5 અને રૂ. 4 છે ત્યારે વસ્તુના પુરવઠાનું પ્રમાણ તેની માંગ કરતાં વધુ છે. તેથી ઉત્પાદકોને વસ્તુ વેચવાની ગરજ વધારે છે. પરિણામે પરસ્પર હરીફાઈને કારણે ઉત્પાદકો ઓછી કિંમતે વસ્તુ વેચવાની તૈયારી દાખવે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં વસ્તુના ભાવ નીચા જવાનું વલણ ધરાવે છે, તેથી માંગ વિસ્તરશે અને પુરવઠો સંકોચાશે.
- બીજી તરફ જ્યારે વસ્તુની કિંમત રૂ. 1 અને રૂ. 2 છે ત્યારે વસ્તુની માંગનું પ્રમાણ તેના પુરવઠા કરતાં વધુ છે. તેથી ગ્રાહકોને વસ્તુ ખરીદવાની ગરજ વધારે છે. પરિણામે પરસ્પર હરીફાઈ કરીને ગ્રાહકો વસ્તુના ઊંચા ભાવ આપવા તૈયારી દર્શાવે છે. આ પ્રકારની પરિસ્થિતિમાં ભાવ ઊંચા જવાનું વલણ ધરાવે છે. તેથી માંગ સંકોચાશે અને પુરવઠો વિસ્તરશે.
- આમ, વસ્તુની માંગ કરતાં તેનો પુરવઠો વધારે હોય, તો વસ્તુની કિંમત નીચે તરફ ધકેલાય છે. એનાથી ઊલટું, વસ્તુનો પુરવઠો તેની માંગ કરતાં ઓછો હોય, તો વસ્તુની કિંમત ઉપર તરફ ધકેલાય છે. તેથી વસ્તુની જે કિંમતે તેની માંગ અને પુરવઠો સરખાં હોય એ કિંમત જ બજારમાં ટકી શકે છે. અર્થશાસ્ત્રની પરિભાષામાં આ કિંમતને સમતુલાની કિંમત કહેવામાં આવે છે.
- આપેલી અનુસૂચિમાં રૂ. 3ની કિંમતે વસ્તુની માંગ અને પુરવઠો સરખા (30 એકમ) છે. તેથી ગ્રાહકો અને ઉત્પાદકો બંને પક્ષે હરીફાઈનો અંત આવે છે. ગ્રાહક જે ભાવ ચૂકવવા તૈયાર છે તે જ ભાવે ઉત્પાદક વેચવાની તૈયારી દર્શાવે છે. આથી બજારમાં વસ્તુના ભાવ 3 પ્રવર્તશે, જેને સમતુલાની કિંમત કહે છે. આમ,બજારમાં માંગ અને પુરવઠાનાં પરિબળોની આંતરક્રિયાથી વસ્તુની બજારકિંમતનું નિધોરણ થાય છે.
- કિંમતનિર્ધારણની આ પ્રક્રિયાને આકૃતિમાં નીચે પ્રમાણે રજૂ કરી શકાય :




- આકૃતિમાં દર્શાવ્યા મુજબ DD' માંગરેખા અને SS' પુરવઠારેખા છે. આ બંને રેખાઓ એકબીજાને P બિંદુમાં છેદે છે. P બિંદુ સમતુલા બિંદુ છે. આ બિંદુએ એટલે કે બજારકિંમત રૂ. 3 હોય ત્યારે વસ્તુની માંગ અને પુરવઠો સરખાં થાય છે (30 એકમ).તેથી સમતુલિત બજારભાવ રૂ. 3 છે.
- આકૃતિ પરથી ફલિત થાય છે કે,

(1) વસ્તુની માંગ કરતાં તેનો પુરવઠો વધારે હશે, તો વસ્તુના ભાવ ઘટશે.

(2) વસ્તુના પુરવઠા કરતાં તેની માંગ વધારે હશે, તો વસ્તુના ભાવ વધશે.

(3) વસ્તુની માંગ અને પુરવઠો જે કિંમતે સ્થિર થશે, તે કિંમત બજારમાં પ્રવર્તશે.

- લાંબા સમય સુધી જે ભાવ કે કિંમત જળવાઈ રહે તે સામાન્ય ભાવ કહેવાય છે અને કોઈ પણ એક સમયે જે ભાવ કે કિંમત પ્રવર્તમાન હોય તે બજારભાવ કહેવાય છે. બજારભાવ સામાન્ય ભાવ કરતાં બહુ ઊંચો કે નીચો રહેતો નથી.
- જે કિંમતે બજારમાં વસ્તુની કુલ માંગ અને કુલ પુરવઠો સરખાં થાય છે, તે સ્થિતિ સમતુલા કહેવાય છે. આ એવી સ્થિતિ છે, જેમાં આપેલા સમયગાળા દરમિયાન ફેરફાર થવાનું વલણ હોતું નથી. પરંતુ સમય જતાં પુનઃસમતુલા સ્થપાય છે.